ફો.કે.નં. ૩૯૬૦/૨૦૨૧

**આંક–પરનુ સાંધણ**

**સોગંદ આપ્યા.**

**<u>ફરીયાદ પક્ષે આંક–પર લગત સરતપાસ ફરીયાદપક્ષે વિ.વ.શ્રી વી.પી.સોલંકી</u>**

મને આજરોજ એમઆર નં. ૫/૨૪ મુદદામાલ ધારીયા તથા લાકડીઓ બતાવવામા આવે છે. જે જોઈને કહુ છુ કે આ એ જ મુદ્દામાલ હથીયારો છે જે લઈ આરોપીઓએ અમોને મારેલા તથા મુદદામાલ ધારીયુ જોઈને કહુ છુ કે આ એ જ ધારીયુ છે જે જોઈને કહુ છુ કે મને રમસુભાઈએ માથામા મારેલુ તથા આજ મુદદામાલ વડે અમારા પરીવારના સભ્યોને મારવામા આવેલા હુ આરોપીઓ મારા સગાભાઈ થતા હોય જોયેથી ઓળખીશકુ છુ જે આજરોજ નામદાર કોર્ટમા હાજર છે.

**<u>આરોપી તર્ફે ઉલટ તપાસ વી.વ.શ્રી.એલ.સી.રાવત</u>**

એ વાત ખરી છે કે, હુ અભણ છુ. એ વાત ખરી છે કે, આરોપીઓ મારા ભાઈ ,ભાભી તથા વહુઓ લાગે છે. એ વાત ખરી છે કે, રમસુભાઈ મારા મોટા ભાઈ થાય છે. એ વાત ખરી છે કે, આ બનાવ શીયાળામા બનેલો. એ વાત ખરી છે કે, શીયાળાના સમયમા છ વાગે અંધારુ થઈ જાય છે. એ વાત ખરી છે કે, આ બનાવ બન્યા અગાઉ કલેકટરમા કેસ ચાલતો હતો. એ વાત ખરી છે કે, સર્વે નં. ૧૫૦ તથા ૧૬૭ વાળી જમીન સહીયારી આવેલ છે. કલેકટરમા કેસ ચાલતો હોય તો તે જમીનનો ભાગ પાડી શકાય નહી. એ વાત ખરી નથી કે, કલેકટરના કેસમા અમો જીતી જતા બોલાચાલી થયેલી. એ વાત ખરી છે કે, પુસરી ગામથી રાબડાલ જવા માટે દશથી પંદર મીનીટ થાય. એ વાત ખરી નથી કે, બોલાચાલી થયેલ તે બાબતે હુ તથા સબલાભાઈ તથા અમારા કુટુંબના વડીલ નીલેશભાઈ પોલીસ સ્ટેશન ગયેલા. બનાવ બન્યાના બીજા દીવસે પોલીસે અમારો જવાબ લીધેલો. એ વાત ખરી નથી કે, હુ બોલતો ગયો હોઉ અને પોલીસ લખતી ગઈ હોય તેવુ બનેલ નહી. એ વાત ખરી છે કે, લાકડી, ધારીયા જેવા સાધનો આપણા આદીવાસી ઘરોમા હોય છે.એ વાત ખરી છે કે, લાકડી અને ધારીયા સહેલાયથી બજારમા મળી શકે છે. એ વાત ખરી નથી કે, ધારીયુ રમસુકાકાએ મારેલ. એ વાત ખરી નથી કે, મે જમીન પડાવી લેવા માટે ખોટો જવાબ લખાવેલ કરેલ છે.

ફેર તપાસ નથી.

તા.૩૧/૧/૨૦૨૫.
દાહોદ.

મારી રૂબરૂ,

સાહેદને સદર જુબાની વાંચી સંભળાવતા
તે ખરી હોવાનું કબુલ રાખે છે.

એડી. ચીફ જયુડી મેજીસ્ટ્રેટ
દાહોદ.

એડી. ચીફ જયુડી મેજીસ્ટ્રેટ
દાહોદ.

ફો.કે.નં.૨૨૫૨/૨૦૨૩

આંક–૯

**<u>ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નંબર–૧ની જુબાની.</u>**

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે,

મારું નામ : રમેશભાઈ પિતા/પતિનું નામ :ભાવસીગભાઈ બારીયા

ઉ.વ. આશરે : ૫૨ વર્ષ

ધંધો :ખેતી રહેવાસી : ગુણા મુવાડી તા.દેવ.બારીયા જી.દાહોદ.

**સોગંદ આપ્યા.**

**<u>સરતપાસ ફરીયાદપક્ષે વિ.વ.શ્રી વી.પી.સોલંકી</u>**

બનાવ તા. ૮/૨/૨૩ના રોજ સવારના સાડા પાંચ વાગે ગરબાડા બાયપાસ ચોકડી પાસે બનેલો બનાવ વખતે હુ મારા ઘરે હતો. તે વખતે ભારતભાઈને અમારા ગામના રમેશભાઈનો ફોન આવેલ અને ભારતભાઈએ મારા ઘરે આવી મને જણાવેલ કે તેમનો દીકરો અને રમેશભાઈ અલગ અલગ ગાડીઓમા શાકભાજી લેવા જતા હતા તે વખતે એક ટ્રક વાળાએ ઈફુલ સ્પીડે આવી તેમના દીકરા ધર્મેશના છકડાને ટકકર મારી દીધેલ જેથી ધર્મેશ તથા તેની વહુ આશા સ્થળ ઉપર મરણ ગયેલ છે અને તેમના નાના દીકરાને ડાબી બાજુ આંખ ઉપર વાગેલ છે જેથી અમો સ્થળ ઉપર ગયેલા અને ધર્મેશ અને તેની પત્ની લાશને એમ્બ્યુલન્સમા દાહોદ ખાતે ઝાયડસ હોસ્પીટલમા લઈ ગયેલા અને તેમના દીકરાના દીકરાને ઝાયડસ હોસ્પીટલ ખાતે સારવાર કરાવેલી મે ટ્રકનો નંબર જોયેલો જે.કે. ૧૮ એ ૨૫૮૭નો હતો સદર ગાડી અકસ્માત સ્થળે પડેલ હતી.હુ ટ્રક ચાલકને ઓળખી શકુ નહી પોલીસે મારો પુછ પરછ કરી જવાબ લીધેલો.

**<u>આરોપી તર્ફે ઉલટ તપાસ વી.વ.શ્રી.એસ.વી.મલેક</u>**

એ વાત ખરી છે કે, બનાવ વખતે હુ મારા ઘરે હતો. એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોયેલ નથી.

ફેર તપાસ નથી.

તા.૧૫/૪/૨૦૨૪. મારી રૂબરૂ,
દાહોદ.

સાહેદને સદર જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ રાખે છે.

એડી. ચીફ જયુડી મેજીસ્ટ્રેટ
દાહોદ.

એડી. ચીફ જયુડી મેજીસ્ટ્રેટ
દાહોદ.